**૧૮/૦૬/૨૦૨૧**

**પ્રતિ,**

અધિક મુખ્ય સચિવશ્રી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
બ્લોક નં. ૧૪, નવમો માળ,
સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર

**વિષય :–** વિકાસ કામો ગતિમાન થાય તે હેતુ સંદર્ભ-૧ મુજબ મહાનગર પાલિકા/નગરપાલિકા માં નવા સમાયેલા વિસ્તારો માટે ગુજરાત નગર રચના અને શહેરી અધિનિયમ ૧૯૭૬ અન્વયે સત્તા સોંપણીનો હુકમ થવા બાબત.

**સંદર્ભ-(૧):-** શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ગાંધીનગરના તા. ૧૮-૦૬-૨૦૨૦ ના જાહેરનામા ક્રમાંક KV/46 of 2020 / SMN / 902019 / 9933 / P

મે. સાહેબશ્રી,

સવિનય જય ભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભ-૧ હેઠળના જાહેરનામાની **<u>શીડયુલ-૧</u>** માં દર્શાવ્યા મુજબ સચીન નગર પાલિકા, કનસાડ નગરપાલિકા નો સમાવેશ સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કરવામાં આવેલ છે. **<u>શીડયુલ-૨</u>** માં દર્શાવ્યા મુજબ (૧) સેગવા સ્યાદલા, (૨) વસવારી, (૩) ગોથાણ, (૪) ઉમરા, (૫) ભરથાણા-કોસાડ (૬) પારડી કણદે, (૭) તલંગપોર (૮) પાલી, (૯) ઉંબેર ( Excluding sachin INA), (૧૦) કાંદી ફળીયા, (૧૧) ભાટપોર, (૧૨) ભાઠા, (૧૩) ઈચ્છાપોર, (૧૪) ભેંસાણ ગૃપ ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ ગામો :- (i) ભેંસાણ (ii) ઓખા (iii) વણકલા, (iv) વિહેલ (v) ચીચી, (૧૫) અસારમા (૧૬) કઠોદરા (૧૭) વાલક (૧૮) વેલંજા (૧૯) અબ્રામા (૨૦) ભાડા, (૨૧) કઠોર, (૨૨) ખડસદ, (૨૩) લસકાણા (૨૪) સણીયાહેમાદ (૨૫) પાસોદરા (૨૬) કુંભારીયા (૨૭) સારોલી ઉપરોક્ત તમામ ગામોનો સમાવેશ સંદર્ભ-૧ ના જાહેરનામાંથી સુરત મ્યનિસિપલ કોર્પોરેશનમાં કરવામાં આવેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે.

અમારી જાણ મુજબ ઉપરોક્ત ગામોની સત્તા સોંપણી સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનને કરવા બાબતે સુડાની બોર્ડ બેઠક નં. ૨૫૦ ના ઠરાવ નં. ૩૨૩૧ તથા ૩૨૩૩ માં નિર્ણય લેવામાં આવેલ છે. અને ઉપરોક્ત ગામોની તથા તે વિસ્તારની તમામ કાયદાકીય કાર્યવાહી કરવાની સત્તા **જે તારીખ થી સરકારશ્રીની મંજુરી મળે તે તારીખ થી સુરત મહાનગર પાલિકાને સોંપવાનું ઠરાવવામાં આવેલ છે.** જેથી જો સરકારશ્રી તરફથી તાત્કાલિક સત્તા સોંપણીની મંજુરી મળે તો વિકાસના કાર્યોમાં તેજી આવી શકે અને રોજગારીની મોટી તકો ઉભી થઈ શકે તેમ હોય, ઉપરોક્ત કામગીરી અંગે સત્વરે હુકમ થવા આપ સાહેબશ્રીને નમ્ર અરજ છે.

આભાર સહ.

**લિ. આપના વિશ્વાસુ**

| | | |
|---|---|---|
| **સુરેશ પટેલ** | **રવજીભાઈ પટેલ** | **વિજય ધામેલિયા** |
| **ચેરમેન** | **પ્રમુખ** | **માનદ્મંત્રી** |
| **ક્રેડાઈ-સુરત** | **ક્રેડાઈ-સુરત** | **ક્રેડાઈ-સુરત** |

**બિડાણ**

**(૧) તા. ૧૮-૦૬-૨૦૨૦ ના જાહેરનામાની નકલ.**